# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-05-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : FRIDAY** **National News**

### આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિહાર અને ઉત્તરપ્રદેશમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે
2) ગૃહમંત્રી અમિત શાહે જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરી
3) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેના સંબંધ વિવિધ ક્ષેત્રમાં વધુ ગાઢ બની રહ્યાં છે.
4) CDS જનરલ અનિલ ચૌહાણ આજથી ત્રણ દિવસની સિંગાપોરની મુલાકાતે એશિયન એથ્લેટિક્સમાં ભારતે એક જ દિવસમાં ત્રણ સુવર્ણ, બે રજત અને એક કાંસ્ય ચંદ્રક જીત્યા
5) IPLમાં એલિમિનેટર મેચમાં આજે મુંબઈ ઇન્ડિયન્સનો મુકાબલો ગુજરાત ટાઇટન્સ સામે થશે

***************************************************

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# FUR. REV. PM - BIHAR/UP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિહાર અને ઉત્તરપ્રદેશમાં 96 હજાર કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

બિહારમાં શ્રી મોદી રોહતાસ જિલ્લાના બિક્રમગંજ ખાતે 48 હજાર 520 કરોડ રૂપિયાથી વધુના અનેક ઉર્જા, માર્ગ અને રેલવે કનેક્ટિવિટી સંબંધિત પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. તેઓ બિક્રમગંજ ખાતે એક જાહેર સભાને પણ સંબોધિત કરશે.

પ્રધાનમંત્રી ઔરંગાબાદ જિલ્લામાં નબીનગર સુપર થર્મલ પાવર પ્રોજેક્ટના બીજા તબક્કાનો શિલાન્યાસ કરશે. ત્રણ યુનિટ અને બે હજાર 400 મેગાવોટની સંયુક્ત ક્ષમતા ધરાવતા આ પ્રોજેક્ટનો ખર્ચ 29 હજાર 930 કરોડ છે. આ પ્રોજેક્ટ બિહાર અને પૂર્વ ભારતમાં ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરશે, ઔદ્યોગિક વિકાસને વેગ આપશે, રોજગારીની તકો ઉભી કરશે અને પ્રદેશમાં સસ્તી વીજળી પૂરી પાડશે તેવી અપેક્ષા છે.

અમારા સંવાદદાતાનો અહેવાલ......

**(બાઈટ – ધર્મેન્દ્ર રાય)**

ઉત્તરપ્રદેશમાં પ્રધાનમંત્રી આજે બપોરે કાનપુરમાં 47 હજાર 600 કરોડના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. શ્રી મોદી ચંદ્રશેખર આઝાદ કૃષિ અને ટેકનોલોજી યુનિવર્સિટીના મેદાનમાં એક જાહેર સભાને પણ સંબોધિત કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે પાકિસ્તાની ગોળીબારથી પ્રભાવિત લોકોને મળવા માટે પૂંચની મુલાકાત લેશે. શ્રી શાહ ગઈકાલે સાંજે કેન્દ્રશાસિત પ્રદેશની બે દિવસીય મુલાકાતે જમ્મુ પહોંચ્યા હતા.

ગઈકાલે જમ્મુ પહોંચેલા શ્રી શાહે એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.આ વર્ષે ૩ જુલાઈથી શરૂ થનારી વાર્ષિક અમરનાથ યાત્રા માટે સુરક્ષા અને અન્ય વ્યવસ્થાઓની પણ સમીક્ષા કરી હતી. તેમને યાત્રા માટેના સુરક્ષા પગલાં વિશે માહિતી આપવામાં આવી હતી.

આજે પૂંચની મુલાકાત દરમિયાન તેઓ સિંહ સભા ગુરુદ્વારા સહિત ક્ષતિગ્રસ્ત ધાર્મિક સ્થળોની પણ મુલાકાત લેશે અને સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લામાં થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે અધિકારીઓ સાથે બેઠક કરશે. શ્રી શાહ પૂંચમાં બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) કેમ્પની પણ મુલાકાત લેશે અને જવાનો સાથે વાતચીત કરશે.

આ બેઠકમાં લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા, આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન, જમ્મુ અને કાશ્મીરના મુખ્ય સચિવ અટલ દુલ્લૂ અને વિવિધ અર્ધલશ્કરી દળો, પોલીસ અને ગુપ્તચર એજન્સીઓના વડાઓ હાજર રહ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# JAISHANKAR-NEW ZEALAND FM VISIT

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેના સંબંધો વિવિધ ક્ષેત્રોમાં ગાઢ બની રહ્યા છે. તેમણે ગઈકાલે નવી દિલ્હીમાં ન્યૂઝીલેન્ડના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશમંત્રી વિન્સ્ટન પીટર્સ સાથેની મુલાકાતમાં આ વાત કહી હતી.

ડૉ. જયશંકરે ન્યૂઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સનની તાજેતરની સફળ ભારત મુલાકાતનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ મુલાકાત દરમિયાન, બંને દેશોએ મુક્ત વેપાર કરાર પર વાટાઘાટો કરી અને અનેક કરારો પર હસ્તાક્ષર કર્યા..

અગાઉ શ્રી પીટર્સ ગઈકાલે બપોરે બે દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા હતા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે તેમની મુલાકાત ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ઉચ્ચ સ્તરીય આદાનપ્રદાનની ગતિને પ્રતિબિંબિત કરે છે.

તેમણે કહ્યું કે આ બંને દેશો વચ્ચેના મૈત્રીપૂર્ણ સંબંધોને વધુ મજબૂત બનાવશે. શ્રી પીટર્સ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડાને પણ મળવાના છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CDS - SINGAPORE

ભારતીય ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ આજથી સિંગાપોરની 3 દિવસની મુલાકાતે. ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર સ્ટ્રેટેજિક સ્ટડીઝ દ્વારા દર વર્ષે યોજાતા શાંગરી-લા ડાયલોગના 22મા સંસ્કરણમાં હાજરી આપશે.

શાંગરી-લા ડાયલોગ એશિયાનું મુખ્ય સંરક્ષણ અને સુરક્ષા સમિટ છે જે વિશ્વભરના સંરક્ષણ પ્રધાનો, લશ્કરી વડાઓ, નીતિ નિર્માતાઓ અને વ્યૂહાત્મક નિષ્ણાતોને એકત્ર કરે છે. આ કાર્યક્રમમાં 40 દેશોના નેતાઓ ઇન્ડો-પેસિફિક સુરક્ષા પડકારોને સંબોધિત કરશે. આ મુલાકાતો સંરક્ષણ સહયોગને મજબૂત કરવા, પરસ્પર સુરક્ષા હિતોની ચર્ચા કરવા અને ભારત-પ્રશાંત ક્ષેત્રમાં ભારતની વ્યૂહાત્મક ભાગીદારીને વધારવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડશે.

આ મુલાકાત દરમિયાન જનરલ ચૌહાણ, વિશ્વના અનેક દેશના સંરક્ષણ દળોના વડાઓ અને વરિષ્ઠ લશ્કરી નેતૃત્વ સાથે દ્વિપક્ષીય બેઠકો કરશે.સી.ડી.એસ એકેડેમિયા, થિંક ટેન્ક અને સંશોધકોને સંબોધિત કરશે અને 'ભવિષ્યના યુદ્ધો અને યુદ્ધ' વિષય પર વક્તવ્ય આપશે.

તેઓ આ કાર્યક્રમના ભાગ રૂપે એક સાથે યોજાનારા ખાસ સત્રોમાં પણ ભાગ લેશે અને 'ભવિષ્યના પડકારો માટે સંરક્ષણ નવીનતા ઉકેલો' વિષય પર સંબોધન કરશે. જનરલ ચૌહાણની મુલાકાત આવતા મહિનાની 1લી તારીખે પૂર્ણ થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## TRUMP TARIFFS - REINSTATED

અમેરિકાની એક ફેડરલ અદાલતે ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લાદવામાં આવેલા ટેરિફને હાલ પૂરતો યથાવત રાખવાનો આદેશ જારી કર્યો છે એક દિવસ અગાઉ . એક વેપાર અદાલતે  આ ટેરિફ પર તાત્કાલિક રોક લગાવવાનો આદેશ આપ્યો હતો . અદાલતે કહ્યું હતું કે ટ્રમ્પ વહીવટીતંત્રની અપીલ પર વિચાર કરવા માટે નીચલી અદાલતના આદેશને હાલ પૂરતો સ્થગિત કરવામાં આવી રહ્યો છે.

બુધવારે અમેરિકાની આંતરરાષ્ટ્રીય વેપાર અદાલતે અમેરિકાના વેપાર ભાગીદારો પર લાદવામાં આવેલા ફ્રીડમ ડે ટેરિફ પર રોક લગાવી હતીઅદાલતે કહ્યું હતું કે  . રાષ્ટ્રપતિ ટ્રમ્પે રાષ્ટ્રીય કટોકટી જાહેર કરીને અને લગભગ તમામ દેશોથી આયાત પર ટેરિફ લાદીને પોતાના અધિકારક્ષેત્રને ઓળંગી લીધું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો

..............................................................

# RAJNATH SINGH

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે નવી દિલ્હીમાં CII બિઝનેસ સમિટમાં મેક ઇન ઈન્ડિયાના આધારે દેશમાં પાંચમી પેઢીના સ્ટીલ્થ ફાઇટર જેટ - એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ (AMCA) - ના પાંચ પ્રોટોટાઇપ વિકસાવવાનાં મહત્વકાંક્ષી પ્રોજેક્ટ મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું.

નવી દિલ્હીમાં CII બિઝનેસ સમિટને સંબોધતા તેમણે કહ્યું, મેક-ઇન-ઇન્ડિયા આપણી રાષ્ટ્રીય સુરક્ષામાં એક આવશ્યક ઘટક છે અને તેણે ઓપરેશન સિંદૂર દરમિયાન આતંકવાદ સામે ભારતની અસરકારક કાર્યવાહીમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. સંરક્ષણ પ્રધાને ભાર મૂક્યો હતો કે AMCA એક્ઝિક્યુશન મોડેલ દ્વારા, ખાનગી ક્ષેત્રને જાહેર ક્ષેત્રની કંપનીઓ સાથે પ્રથમ વખત મેગા સંરક્ષણ પ્રોજેક્ટમાં ભાગ લેવાની તક મળશે.

સંરક્ષણ મંત્રાલયે ખાનગી ક્ષેત્રો સાથે ભાગીદારીમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા સ્ટીલ્થ ફાઇટર જેટ ડિઝાઇન અને ઉત્પાદન કરવા માટે એક્ઝિક્યુશન મોડેલને મંજૂરી આપી છે. ભારત તેની વાયુ શક્તિ ક્ષમતાને મજબૂત બનાવવા માટે અદ્યતન સ્ટીલ્થ સુવિધાઓ સાથે મધ્યમ વજનના ઊંડા ધૂંસપેંઠ ફાઇટર જેટ વિકસાવવા માટે મહત્વાકાંક્ષી AMCA પ્રોજેક્ટ પર કામ કરી રહ્યું છે.

પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિએ ગયા વર્ષે ફાઇટર જેટ કાર્યક્રમને સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. પ્રોજેક્ટનો પ્રારંભિક વિકાસ ખર્ચ આશરે 15 હજાર કરોડ રૂપિયા અંદાજવામાં આવ્યો છે.

લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) તેજસની સફળતા પછી ભારતીય વાયુસેના (IAF) તેની લાંબા ગાળાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને AMCA ડિફેન્સ પ્રોજેક્ટ માટે ઊંડાણપૂર્વક કામ કરી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SHIVRAJ-CONGRESS MSP

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે કોંગ્રેસ પર લઘુત્તમ ટેકાના ભાવ (MSP) અંગે ખેડૂતોને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે દાવો કર્યો હતો કે કોંગ્રેસના શાસનકાળ દરમિયાન તમામ પાકોના MSP ખર્ચ કરતાં નજીવા પ્રમાણમાં વધારે હતા, જ્યારે ભાજપ સરકારે ટેકાના ભાવમાં નોંધપાત્ર વધારો કર્યો છે.

શ્રી ચૌહાણે કહ્યું કે સરકાર ખેડૂતો માટે વળતરની સમગ્ર વ્યવસ્થાને મજબૂત બનાવી રહી છે, જેમાં MSPનો પણ સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે સરકારે MSP હેઠળ ખેડૂતોને 23 લાખ કરોડ રૂપિયાનું વિતરણ કર્યું છે, જ્યારે કોંગ્રેસના નેતૃત્વ હેઠળની UPA સરકારે તેના 10 વર્ષના કાર્યકાળમાં સાત લાખ કરોડ રૂપિયા ફાળવ્યા હતા.

કૃષિ મંત્રીએ કહ્યું કે ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારે ખેડૂતો માટે દરેક મોરચે ઐતિહાસિક કાર્ય કર્યું છે, પછી ભલે તે MSP હોય કે તેમની આવક વધારવાની હોય કે ખેતીમાં નવી ટેકનોલોજી અને વૈવિધ્યકરણ લાવવાની હોય. મોદી સરકારના શાસનમાં કઠોળ, તેલીબિયાં અને કપાસના ભાવ અનેક ગણા વધી ગયા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ભારત અને મંગોલિયા

ભારત અને મંગોલિયાના સૈન્ય આવતીકાલથી આવતા મહિનાની 13મી જૂન સુધી ઉલાનબાતરમાં યોજાનારી દ્વિપક્ષીય કવાયતમાં ભાગ લેશે.

આ કવાયતનો ઉદ્દેશ્ય બંને દળો વચ્ચે આંતર-કાર્યક્ષમતા વધારવાનો છે. સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ભારતીય સૈન્યની એક ટુકડી દ્વિપક્ષીય કવાયત 'નોમેડિક એલિફન્ટ' ની 17મી આવૃત્તિ માટે રવાના થઈ છે. બે અઠવાડિયાની આ કવાયત ભારત અને મંગોલિયામાં અવારનવાર આયોજિત લશ્કરી કવાયતોનો ભાગ છે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ATLETICS

એશિયન એથ્લેટિક્સમાં ભારતે એક જ દિવસમાં ત્રણ સુવર્ણ, બે રજત અને એક કાંસ્ય ચંદ્રક જીતી હેટ્રિક સર્જી

એથ્લેટિક્સમાં, ભારતીય મહિલા દોડવીર જિસ્ના મેથ્યુ, રૂપલ ચૌધરી, કુંજા રજીતા અને સુભા વેંકટેશનની ચોકડીએ મહિલાઓની 400 મીટર રિલેમાં 3 મિનિટ 34 સેકન્ડના સીઝન-શ્રેષ્ઠ સમય સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો.

જ્યારે પુરુષોની 3000 સ્ટીપલચેઝ ચેમ્પિયનશીપમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IPL T20

,

IPL T20 ક્રિકેટમાં, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ગઈકાલે રાત્રે મુલ્લાનપુર, ચંદીગઢ ખાતે પ્રથમ ક્વોલિફાયરમાં પંજાબ કિંગ્સને 8 વિકેટથી હરાવીને ટુર્નામેન્ટની ફાઇનલમાં પ્રવેશ કર્યો.

પંજાબ દ્વારા નિર્ધારિત 102 રનના લક્ષ્યનો પીછો કરતા, બેંગલુરુએ ફક્ત 10 ઓવરમાં જ લક્ષ્ય પૂર્ણ કરી લીધું. બેંગલુરુ માટે ત્રણ મહત્વપૂર્ણ વિકેટો લેવા બદલ સુયશ શર્માને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

પ્રથમ ક્વોલિફાયર પછી, બધાની નજર એલિમિનેટર પર રહેશે, જ્યાં મુંબઈ ઇન્ડિયન્સ આજે ગુજરાત ટાઇટન્સનો સામનો કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે જયેશ વેગડા

આજના તમામ અખબારોએ અલગ અલગ સમાચારને મુખ્યશીર્ષકમાં સ્થાન આપ્યું છે. દિવ્ય ભાસ્કર લખે છે, ટ્રમ્પ ટૅરિફ પર રોક; અમેરિકાન કોર્ટે કહ્યું, અહીં રાષ્ટ્રપતિનું મનસ્વીપણું ન ચાલી શકે. સંદેશ લખે છે, અમરનાથ યાત્રાઃ 42 હજાર જવાનો તહેનાત. નવગુજરાત સમય લખે છે, ત્રણ જુલાઈથી શરૂ થનારી અમરનાથ યાત્રા 4 હજાર જવાનો ખડેપગે. ગુજરાત સમાચારનું મુખ્યશીર્ષક છે, બેન્કો સાથે 36 હજાર કરોડની છેતરપિંડી. રાજસ્થાન પત્રિકા લખે છે, 'ટ્રમ્પ ટૅરિફ' પર રોક, ભારત-પાક સીઝફાયર કી દલીલ ખારીઝ. ફૂલછાબનું મુખ્યશીર્ષક છે, ટ્રમ્પને ઝટકોઃ ટૅરિફને અમેરિકી કોર્ટની બ્રેક.

ગુજરાત સમાચાર છેલ્લા પાના પર લખે છે, ગુજરાતમાં કોરોનાના 223 ઍક્ટિવ કેસઃ ત્રણ દિવસમાં બમણો વધારો.

નવગુજરાત સમય છેલ્લા પાના પર લખે છે, વકરેલી ટ્રાફિક સમસ્યા ઉકેલવા પબ્લિક ટ્રાન્સપોર્ટ સેવા સુદ્રઢ કરો.

અમદાવાદના બાપુનગરમાં 43 વર્ષ પછી 450 દબાણ તોડી પડાયાં. રૂપિયા 100 કરોડની જમીન ખૂલ્લી કરાઈ – આ શીર્ષક સાથે દિવ્ય ભાસ્કરે છેલ્લા પાના પર સમાચાર પ્રકાશિત કર્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .